# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૮/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## લોકો તથા ઉદ્યોગોમાં ફાયર સેફટી વિશે જાગૃકતા કેળવવાના હેતુથી ચેમ્બર અને ફાયર એન્ડ સિકયુરિટી એસોસીએશન ઓફ ઇન્ડિયાના સંયુકત ઉપક્રમે 'ઇન્ડિયા ફાયર એન્ડ સિકયુરિટી યાત્રા – ૨૦૨૧' કાર્યક્રમ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ફાયર એન્ડ સિકયુરિટી એસોસીએશન ઓફ ઇન્ડિયાના સંયુકત ઉપક્રમે શુક્રવાર, તા. ૨૭ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સવારે ૯:૩૦ થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ઇન્ડિયા ફાયર એન્ડ સિકયુરિટી યાત્રા– ૨૦૨૧' ઓફલાઇન અને ઓનલાઇન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના ચીફ ફાયર ઓફિસર બસંત પરીક પધાર્યા હતા. અતિથિ વિશેષ તરીકે સુમુલ ડેરી અને મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડના ચેરમેન માનસિંહ પટેલ અને ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ સ્થાન શોભાવ્યું હતું. આ કાર્યક્રમમાં ચેમ્બરના માનદ્ મંત્રી દીપક કુમાર શેઠવાલા પણ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ કાર્યક્રમમાં સર્વેને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે ભારતભરમાં બનેલા ફાયર અકસ્માતોના બનાવો વિશે માહિતી આપી હતી. આવી ઘટનાઓનું પુનઃરાવર્તન નહીં થાય તે માટે લોકોને તથા ઉદ્યોગોને જાગૃત કરવાના હેતુથી તેમણે આવી સંસ્થાઓને ચેમ્બરની સાથે કાર્યક્રમોનું આયોજન કરવા માટે આહ્‌વાન કરી સુરતને ભવિષ્યમાં સેફ સુરત બનાવવાની દિશામાં પ્રયાસ કરવા જણાવ્યું હતું.

સુરતના ચીફ ફાયર ઓફિસર બસંત પરીકે જણાવ્યું હતું કે, સુરત શહેરમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન આગજનીના બનાવો ઘણા ઓછા થયા છે. તંત્ર દ્વારા ક્વોલિટી ઇન્સ્ટોલેશન ઉપર ધ્યાન કેન્દ્રીત કરી ઘણી સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે.

માનસિંહ પટેલે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો થકી શહેરોમાં તો આ બધી બાબતો શકય છે પણ ગામડાઓ સુધી ફાયર એન્ડ સેફટીના મામલે જાગૃતિ ફેલાય તે માટે સઘન પ્રયાસો હાથ ધરવા જોઇએ. આગના બનાવો છેલ્લા ઘણા સમયથી જાગૃકતાને કારણે ઓછા થયા છે, પરંતુ હજી જાગૃકતા કેળવાય તે માટે પ્રયાસો થવા જોઇએ.

કાર્યક્રમના પ્રથમ સેશનમાં ટ્રાન્ઝીટ ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ– સુરતના ડાયરેકટર દિપેશ દસાડીયાએ ફાયર સિકયુરિટી અંગે આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સી સર્વેલન્સ અને કેમેરાના મહત્વ વિશે માહિતી આપી હતી. અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન– હજીરાના ડેપ્યુટી જનરલ મેનેજર ડો. રાકેશ ચતુર્વેદીએ એરોસોલ બેઇઝડ ફાયર ડિટેકશન સુપ્રેશન ટેકનોલોજી અંગે જાણકારી આપી હતી. જગદીશ હરદાસાનીએ યાર્ન મેન્યુફેકચરીંગથી લઇને ફિનીશ્ડ કલોથ સુધીના વિવિધ પ્રકારના સ્ટેજ ઉપર આગને રોકવા માટે કેવા પ્રકારના પગલાઓ લેવા જોઇએ તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યારબાદ ‘ફાયર ઇમર્જન્સી પ્લાનિંગ, પ્રિપરેડનેસ, કેપેસિટી બિલ્ડીગ એન્ડ રોલ ઓફ કોમ્યુનિટી ડયુરીગ ફાયર’ વિષય ઉપર પેનલ ડિસ્કશન યોજાઇ હતી. જેમાં રિલાયન્સના ઇન્ચાર્જ ફાયર ઓફિસર અરવિંદ, ડો. રાકેશ શાહ, ફાયર એન્ડ સેફટી કન્સલ્ટન્ટ અનિલ ઓરસ અને મોડરેટર તરીકે એલ.કે. ડુંગરાણીએ ભાગ લીધો હતો. જેમાં સૌપ્રથમ આગ ન લાગે તે અંગેના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી અને જો આગ લાગે તો આગને કાબૂમાં લેવા માટે ત્વરિત કેવા પ્રકારની કામગીરી કરવી જોઇએ તેના વિશે ચર્ચા કરાઇ હતી. આગની ઘટનામાં લોકોએ કયા પ્રકારનો સહયોગ આપવો જોઇએ તે અંગે પણ વિસ્તૃત ચર્ચા થઇ હતી.

કાર્યક્રમના અંતે સાંજે ૭:૦૦ કલાકે દેશના ૨૪ જેટલા શહેરોમાં ગોવાથી વેબ કાસ્ટીગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દસ હજારથી વધુ લોકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ફાયર એન્ડ સિકયુરિટી એસોસીએશન ઓફ ઇન્ડિયા દ્વારા સેફ એન્ડ સિકયોર મેન્યુફેકચરીંગ ફેસિલિટીનો એવોર્ડ સુરતની અમી ઓર્ગેનિક કંપનીને સુરતના ચીફ ફાયર ઓફિસર બસંત પરીક, એલ એન્ડ ટી ટર્બાઇન લિમિટેડના ડાયરેકટર આલોક સરકાર અને એલ.કે. ડુંગરાણીના હસ્તે આપવામાં આવ્યો હતો.